# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભરૂચ ખાતે નવનિર્મિત આઈકોનિક બસ પોર્ટનું લોકાર્પણ કર્યું

## ગ્લોબલ વોર્મિંગના સમયમાં પર્યાવરણની જાળવણી માટે આપણે સૌ કટિબદ્ધ બનીએ





કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ભરૂચમાં નવા બસપોર્ટનું લોકાપર્ણ કરતાં નાગરિકોને પ્રેરક આહવાન કર્યુ કે જાહેર-સરકારી અસ્ક્યામતોને પોતીકી ગણીને તેની સાચવણીનું દાયિત્વ આપણે નિભાવવું જોઈએ. ગુજરાત રાજ્ય માર્ગ-વાહનવ્યવહાર નિગમ અને ડી.આર.એ નર્મદા બસપોર્ટ પ્રા. લિ. દ્વારા પીપીપી ધોરણે ભરૂચમાં રૂ. ૧૧૩ કરોડના ખર્ચે નિર્માણ થયેલા આઈકોનિક બસપોર્ટનું લોકાર્પણ મુખ્યમંત્રીશ્રીએ વાહનવ્યવહાર અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતીમાં કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, નાનામાં નાના માનવીને પણ મુખ્ય ધારામાં લાવી શકાય તેવી વિકાસની રાજનીતિથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ, વંચિત, સામાન્ય માનવી સુધી વિકાસ પહોંચાડ્યો છે. વડાપ્રધાનશ્રીની દરેક કલ્યાણ યોજનામાં કે જનહિતકારી નિર્ણયોમાં ગરીબ-છેવાડાનો અને નાનો માનવી કેન્દ્રસ્થાને હોય છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું. તેમણે જણાવ્યું કે, ગુજરાત દેશના વિકાસનું રોલમોડેલ બન્યું છે તેના મૂળમાં વડાપ્રધાનશ્રીએ નાંખેલો મજબૂત પાયો છે. ગુજરાતના ગામડામાં પણ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલની સેવાઓ મળે છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં પાછલા નવ વર્ષમાં પ્રગતિની ગતિ પણ વેગવંતી બની છે તેનું દ્રષ્ટાંત આપતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે ગત એપ્રિલ મહિનામાં જી.એસ.ટી ની જે માતબર આવક થઈ છે તે જ પૂરવાર કરે છે કે ધંધા-રોજગાર ઉદ્યોગોનું આખુંય ચક્ર દેશમાં તીવ્ર ગતિએ ચાલે છે.

મુખ્યમંત્રીશ્રીએ નાગરિકો, સામાન્ય માનવીઓ માટે વાહનવ્યવહારના સરળ અને સક્ષમ માધ્યમ એસ.ટી ની સેવાઓ, બસમથકો બધામાં વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં જે આધુનિક બદલાવ આવ્યો છે તેની વિસ્તૃત ભૂમિકા આપી હતી. તેમણે બસ મથકોને એરપોર્ટ જેવી અદ્યતન સવલતો સાથેના બસપોર્ટ તરીકે વિકસાવવામાં આવ્યા છે તેની સાથોસાથ એક સમયે દયનીય હાલતની એસ.ટી સેવાઓ આજે વોલ્વો જેવી સુવિધાસભર બસોથી સજ્જ બની છે તેની પણ સરાહના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ એસ.ટી નિગમની મુસાફર લક્ષી સેવા-સુવિધાઓમાં પર્યાવરણ જાળવણી માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવતાં એસ.ટી. નિગમે ૫૦ ઈ-બસો સેવામાં મૂકી છે અને વધુ ૨૫૦ બસો ભવિષ્યમાં સેવામાં મુકાવાની છે તેની પણ છણાવટ કરી હતી. શ્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરની બિપરજોય વાવાઝોડાની આફતમાંથી ગુજરાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં હેમખેમ પાર ઉતરીને વિકાસપથ પર ગતિ જારી રાખી છે તેનો પણ ઉલ્લેખ આ વેળાએ કર્યો હતો.

વાહન વ્યવહાર અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ પ્રેરક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, આજે ભરૂચ જિલ્લાને ઘણી જ અમૂલ્ય ભેટ મળી છે. તમામ નાગરિકો માટે એરપોર્ટને ટક્કર આપે તેવી સુવિધાઓ ધરાવતું બસ પોર્ટ ખુલ્લુ મુકયું છે. ગુજરાત રાજ્યમાં ૧૫ જેટલા બસ સ્ટેશનોને બસ પોર્ટમાં બદલવામાં આવ્યા છે. તે સાથે મુખ્યમંત્રીશ્રીએ છેવાડાના માનવીની જ દરકાર કરતા લગભગ ૨૦૦૦ જેટલી નવી બસો રાજ્યને ભેટ આપી છે. અને નવી ૩૦૦ જેટલી ટ્રીપ વધારી છે. નવી બસોમાં હાલની જરૂરીયાત પ્રમાણે સુવિધાઓ આપવામાં આવી છે. ચાર્જિગ પોઈન્ટ, બસના સિટનું મટીરીયલ બદલી અગવડતાને સગવડતાના રૂપમાં રાખી ખાસ ધ્યાન રાખવામાં આવ્યુ છે.રોજગારીનું સૌથી મોટું ગ્રોથ સેક્ટર ભરૂચ જિલ્લો બન્યો છે. આ બસ પોર્ટ હવે તમામ લોકો માટે સારી સુવિધાયુકત બન્યુ છે ત્યારે તેની દરકાર રાખવાની હિમાયત મંત્રીશ્રીએ કરી હતી. બંદરો અને વાહન્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ .કે દાસે શાબ્દિક સ્વાગત કર્યુ હતું તેમજ ડેવલોપર્સ શ્રી દિનેશભાઈ અગ્રવાલ તથા કિરણભાઈ મજમુદાર દ્વારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ તથા રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવી સહિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ બસ પોર્ટની લોકોપયોગી વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યુ હતું. આ પ્રસંગે ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અલ્પાબેન પટેલ, ધારાસભ્ય સર્વે શ્રી ઈશ્વરસિંહ પટેલ, શ્રી અરૂણસિંહ રાણા, શ્રી રમેશભાઈ મિસ્ત્રી, શ્રી ડી કે સ્વામી, શ્રી રીતેષભાઈ વસાવા, જિલ્લા અગ્રણી શ્રી મારૂતિસિંહ અટોદરિયા, વા.વ્ય.નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક શ્રી એમ એ ગાંધી, , જિલ્લા વિકાસ અધિકારી શ્રી પી આર જોષી, જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. લીના પાટીલ, સિટી સેન્ટરના અગ્રણી શ્રી કિરણ મજમુદાર અને શ્રી દિનેશચંદ્ર અગ્રવાલ તથા જિલ્લાના આગેવાન પદાધિકારીશ્રીઓ અને વહીવટીતંત્ર તથા એસ.ટી તંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ



કમલમ્ ન્યુઝ,સોમનાથ

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નો થકી સમગ્ર વિશ્વમાં ૨૧ જૂન "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. તે અંતર્ગત શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પરિસરમાં પ્રભારી કુલપતિના અધ્યક્ષ સ્થાને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" ની યોગ વિભાગ, સંસ્કૃત કૉલેજ અને NSS (રાષ્ટ્રીય સેવા યોજના)ના સંયુક્ત ઉપક્રમે ભવ્ય ઉજવણી કરવામાં આવી.આ કાર્યક્રમમાં કુલસચિવ, અધિકારીઓ, અધ્યક્ષ, આચાર્ય, અધ્યાપકો, બિનશૈક્ષણિક સ્ટાફ, યુનિ.ના વિદ્યાર્થીઓ, ભારત વિકાસ પરિષદના સભ્યો, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ, એન.સી.સી.ના કેડેટ્સ તેમજ નગરજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે એન.એસ.એસ. પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડૉ.જે.ડી. મુંગરાએ કામગીરી કરેલ હતી. આ કાર્યક્રમના આયોજક અને સંયોજક તરીકે ડૉ.જે.ડી. મુંગરા, શ્રીમતી દ્રષ્ટિબેન બારૈયા,કુ.ધરમબેન કચોટે કામગીરી કરેલ હતી.

## "પ્રભુદ્ધ નાગરીક સંમેલન" અને "વેપારી સંમેલન ડાંગ"




કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

આપણા દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ કેન્દ્રમાં ભાજપ સરકારે તેના સફળ ૯ વર્ષ પૂર્ણ કરી સેવા, સુશાસન થકી છેવાડાના માનવીનું કલ્યાણ કરવાનું ભગીરથ કાર્ય કર્યુ છે.આ વિશેષ અભિયાન અંતર્ગત પ્રભુદ્ધ નાગરિક સંમેલન અને વેપારી સંમેલન નું આયોજન આહવા આંબેડકર ભવન ખાતે કરવામાં આવેલ હતુ

જે કાર્યક્રમ માં પૂર્વ ધારાસભ્યશ્રી ભરુચ વિધાનસભા દુષ્યંતભાઈ પટેલ, ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્યશ્રી ડાંગ વિજયભાઈ પટેલ, ડાંગ ભાજપા પ્રમુખશ્રી કિશોરભાઈ ગાવિત , ડાંગ ભાજપા મહામંત્રી હરિરામભાઈ સાવંત, રાજુભાઈ ગાવિત, દિનેશભાઈ ભોયે, આહવા મંડળ પ્રમુખ શંકરભાઈ, મહામંત્રી સતિષભાઈ, બક્ષીપંચ મોરચા પ્રમુખ વિશ્વનાથ ભાઈ, આહવા તાલુકા યુવા પ્રમુખ જીગરભાઈ, વેપારી સેલના સંયોજક શિલ્પેશ ભાઈ, વઘઈ મંડળના પ્રમુખ પંકજભાઈ પટેલ વઘઈ વઘઈ વેપારી આગેવાન સુભાષભાઈ વેષ્ણવ પ્રભુદ્ધ નાગરીકો અને વેપારી મિત્રો, તેમજ ડાંગ ભાજપાના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યાં હતા.

## બીહેવિયરલ સાયન્સ વીકની ઉજવણીના ભાગરૂપે સેટકોમના માધ્યમથી સમાજ'સામાજિક વ્યવહાર પરિવર્તન' અંગે પરિસંવાદ યોજાયો



કમલમ્ ન્યુઝ,

યુનાઈટેડ નેશન દ્વારા પ્રતિવર્ષ તા.૧૧ થી ૧૬ જૂન દરમિયાન 'બિહેવિયરલ સાયન્સ વીક'ની વૈશ્વિક કક્ષાએ ઉજવણી કરવામાં આવે છે જે અંતર્ગત ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશનના નેજા હેઠળ SHSRCના ઉપક્રમે બાયસેગના વંદે ગુજરાત ચેનલ સેટકોમના માધ્યમથી આશા એક આરોગ્ય ચેતનાઃ શ્રેણીમાં સામાજિક વ્યવહાર પરિવર્તન વિષયક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ પરિસંવાદમાં ઉપસ્થિત યુનિસેફ ગાંધીનગરના સોશિયલ બિહેવિયરલ ચેન્જ કોમ્યુનિકેશનના તજજ્ઞ શ્રી વિજય શંકર કંથને જણાવ્યું હતું કે સંયુકત રાષ્ટ્રની વિવિધ ૨૬ સંસ્થાઓ દ્વારા સામાજિક વ્યવહાર પરિવર્તન અંગેના ૧૭ જેટલા વૈશ્વિક પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રસીકરણ, પોષણ અને સ્વાસ્થ્ય સેવાઓનો વ્યાપ વધારવા સમાજમાં આરોગ્ય સેવાઓ લેવા પ્રત્યેના વ્યવહારમાં પરિવર્તન લાવવું જરૂરી છે તેમાં આશા બહેનોનું યોગદાન ખૂબ જ નોંધનીય રહ્યું છે.આરોગ્ય સેવાઓ પ્રત્યે પ્રવર્તતી ગેરમાન્યતાઓ, અંધશ્રદ્ધાઓ, કુરિવાજો વગેરે દુર કરી લોકોને આશાવાદી બનાવવાના વિવિધ ક્ષેત્રે સફળ પ્રયાસો થઈ રહ્યા છે તેના ઉદાહરણો ટાંકતા શ્રી વિજયશંકર કન્થને જણાવ્યું હતું કે ઉત્તાર પ્રદેશ જેવા મોટા રાજ્યમાં દસ્તક કાર્યક્રમ થકી ઘર ઘર જઈને દસ્તક આપી સફળ રસીકરણ કરાવવામાં સ્થાનિક અગ્રણીઓ, પ્રબુદ્ધ નાગરિકો અને ડોકટરોને સહયોગી બનાવવામાં આવ્યા હતા.લોકોની જીવનશૈલી પ્રત્યેની ઉદાસીનતા ૨૦ થી ૩૦ વર્ષની ઉંમર પછી કેટલી નુકસાનકારક છે તેની દરેકને સમજણ આપવા ઉપર ભાર મૂકતાં શ્રી વિજયશંકરે વિવિધ પ્રચાર માધ્યમો દ્વારા સ્થાનિક સંસ્કૃતિ, ભાષા અને પરિસ્થિતિને અનુરૂપ પ્રચારાત્મક સાહિત્ય અને સંદેશાઓ વારંવાર પ્રસારિત કરવા જોઈએ તેમ જણાવ્યું હતું.પોલિયો નાબૂદી અભિયાનની 'દો બુંદ જિંદગી કે 'ના સ્લોગન સાથેની પીઢ અભિનેતા અમિતાભ બચ્ચન સહિત જુદી જુદી પ્રતિભાઓ અને મહાનુભાવોની દ્વારા રજૂ થયેલ વિજ્ઞાપન એ સામાજિક વ્યવહાર પરિવર્તનની સફળતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે તેમ ટાંક્યું હતું.શ્રી રાકેશ જાનીએ ગુજરાતમાં કાર્યરત એસબીસીસી માળખાની કામગીરીનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે વ્યવહાર પરિવર્તન માનવ જીવનના વિવિધ તબક્કાઓમાં જરૂરી છે. જેમ કે બાળકના જન્મ વખતે આરોગ્ય સંસ્થાઓમાં જ પ્રસુતિ કરાવે તે માટે માતૃ વંદના, દીકરી વહાલી જેવી યોજનાઓ અમલમાં છે. બે વર્ષનું બાળક થાય ત્યાં સુધી રસીકરણ, બાળકનો જન્મ થાય ત્યારે પ્રથમ કલાકમાં જ માતાનું સ્તનપાન અને પછી છ માસ સુધી નિયમિત સ્તનપાન થી બાળક તંદુરસ્ત રહે છે. રસીકરણથી બાળ મૃત્યુદર ઘટ્યો છે. ત્રણથી પાંચ વર્ષ સુધી પોષણયુક્ત આહાર માટે બાલવાટિકા અને પાલક માતા-પિતા સહાય યોજના, ૬ થી ૧૦વર્ષમાં બાળકનો બૌદ્ધિક અને શારીરિક વિકાસ થાય છે વગેરે બાબતોની કાળજી રાખવી જરૂરી છે તેમ જણાવ્યું હતું. તરુણાવસ્થામાં થતા માસિક સ્રાવ, અંગોનો વિકાસ જેવા શારીરિક પરિવર્તનોને તરત સ્વીકારવામાં આવતા નથી, તરુણોમાં મૂંઝવણ ઊભી થાય છે ત્યારે આવાશારીરિક ફેરફાર અંગેને સમજણ આપવી જોઈએ. લગ્ન તથા ગર્ભાવસ્થા વખતની માનસિક સ્થિતિમાં પણ વ્યવહારિક જાણકારી આપવી જોઈએ જે સામાજિક વ્યવહાર પરિવર્તનની વિવિધ પ્રવૃત્તિઓ થકી જ શક્ય છે જેને આશા બહેનો સુપેરે પાર પાડી શકે છે તેમ શ્રી જાનીએ ઉમેર્યુ હતું.આ કાર્યક્રમમાં SHSRC ના તજજ્ઞ શ્રી કેપ્ટન જયદેવ જોશીએ આરોગ્ય સેવાઓ લેવામાં પ્રવર્તતી ગેરમાન્યતાઓ અને અંધશ્રદ્ધાઓને દૂર કરવામાં આશા બહેનો ખૂબ જ જાગરૂકતાપૂર્વક કામગીરી કરી રહ્યા છે તેમ જણાવી ઉમેર્યુ હતું કે બીપોરજોય વાવાઝોડા દરમિયાન એક પણ માતા કે બાળ મૃત્યુ વિના ૭૦૦ થી વધુ સફળ પ્રસુતિઓ થઈ છે તેમાં આરોગ્ય કર્મચારીઓ અને આશા બહેનોનું યોગદાન પ્રસંશનીય રહ્યું છે. પુત્ર જન્મના મોહથી લિંગ અને જાતિ પરીક્ષણ ન થાય અને સમાજમાં વ્યાપ્ત કુરિવાજો, અંધશ્રદ્ધાઓ, ગેરમાન્યતાઓથી દૂર રહી વૈજ્ઞાનિક અભિગમ અપનાવે તે માટે સામાજિક વ્યવહાર પરિવર્તનની વિવિધ રસપ્રદ પ્રવૃત્તિઓનું આયોજન કરવું પડશે તેમ જણાવ્યું હતું. પ્રારંભમાં અમદાવાદના વિભાગીય નાયબ નિયામક ડો. બીના વડાલિયાએ કાર્યક્રમની ભૂમિકા સમજાવતાં જણાવ્યું હતું કે સેટકોમના માધ્યમથી દર શનિવારે 'આશા એક આરોગ્ય ચેતનાઃ ' કાર્યક્રમ અંતર્ગત આરોગ્યલક્ષી જુદા જુદા કાર્યક્રમો અંગે આશાબહેનોને માર્ગદર્શન આપવામાં આવે છે, અત્યાર સુધી ૪૫૦ જેટલા સેટકોમ કાર્યક્રમ યોજવામાં આવ્યા છે. રાજ્યની ૪૩,૦૦૦ જેટલી આશા બહેનો એક ચળવળકારી બનીને સામુદાયિક પ્રતિનિધિત્વ નિભાવી રહેલ છે ત્યારે તેમના માટે સામાજિક વ્યવહાર પરિવર્તન અંગેનો આ પરિસંવાદ ખૂબ જ માર્ગદર્શક બની રહેશે.

# નવીનીકરણ કરાયેલ લીંબડિયા આંગણવાડી કેન્દ્રનું મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાના હસ્તે ઉદ્‌ઘાટન

## કોનકોર્ડ બાયોટેક સંસ્થા દ્વારા અંદાજિત ૧૨ લાખના ખર્ચે લીંબડિયા આંગણવાડી કેન્દ્રનું કરાયું નવીનીકરણ









કમલમ્ ન્યુઝ,

રાજ્યના ભુલકાઓને પાયાનું શિક્ષણ મળી રહે અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજ્યના ૩ થી ૬ વર્ષના બાળકો માટે રાજ્યભરમાં ૫૩,૦૨૯ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાના નેતૃત્વ હેઠળ બાળકોને શિક્ષણની સાથે તેમનું આરોગ્ય પણ સ્વસ્થય રહે તે માટેનું સમયબદ્ધ આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત ગાંધીનગર તાલુકાની લીંબડિયા આંગણવાડી કેન્દ્રનું નવીનીકરણ કરાયું છે. કોનકોર્ડ બાયોટેક સંસ્થા દ્વારા અંદાજિત ૧૨ લાખના ખર્ચે નવીનીકરણ પામેલી આંગણવાડી કેન્દ્રનું મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયા દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં "સહી પોષણ દેશ રોશન''નાં આહવાનને ચરિતાર્થ કરવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

ગુજરાતને કુપોષણમુકત બનાવવાની નેમ સાથે રાજ્ય સરકાર આંગણવાડી કેન્દ્રોમાં નાના ભુલકાઓને ભણતરની સાથે સાથે યોગ્ય પોષણયુક્ત આહાર પણ પૂરો પાડે છે. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને રમતની સાથે સાથે જ્ઞાન પણ આપવામાં આવે છે. આંગણવાડી કેન્દ્રોના નિર્માણ, અપગ્રેડેશન અને સુવિધાઓ વધારવા માટે આ વર્ષના અંદાજપત્રમાં રૂ.૨૬૮ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, આજના મોબાઈલ અને ટી.વીના યુગમાં આપણી આવનારી પેઢી એટલે કે બાળકો વાંચન અને પુસ્તકનું મહત્વ સમજવાની સાથે સાથે બાળવાર્તાઓ થકી સ્વચ્છતા, પર્યાવરણ જતન જેવા વિવિધ બોધપાઠ મેળવે તેવા ઉમદા હેતુસર શ્રી પ્રહલાદ સુથાર દ્વારા "દાદા દાદી આવ્યાં, વાતો મજાની લાવ્યાં'' પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

આ પુસ્તક આંગણવાડી બહેનોને આપી આ વાર્તાઓ દરેક બહેને આંગણવાડી તથા બાલવાટિકાઓમાં વાંચીને બાળકોને બોધપાઠ સમજાવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં પ્રહલાદ સુથાર દ્વારા લિખીત પુસ્તક "દાદા દાદી આવ્યાં, વાતો મજાની લાવ્યાં''નું લોકાર્પણ તથા બાળકોનું અન્નપ્રાશન અને સ્વર્ણપ્રાશન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ મંત્રીશ્રીએ સ્વચ્થ ભારત મિશન હેઠળ લીંબડિયા ગામને આપવામાં આવેલ સ્વચ્છતા વાહનનું પણ ઉદ્ઘાટન કર્યુ હતું.

આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ ૩ થી ૬ વર્ષના બાળકો સાથે સંવાદ કર્યો હતો. તેમજ કિશોરીઓ દ્વારા બનાવેલી મિલેટની વાનગીઓના સ્ટોલની મુલાકાત લઈ જાતે તે વાનગીઓની ચકાસણી પણ કરી હતી. આ કાર્યક્રમમાં લીંબડિયા ગામના સરપંચ શ્રીમતી સેજલબેન પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતું. આ કાર્યક્રમમાં કોનકોર્ડ બાયોટેક કોર્પોરેટ અફેર્સના ડિરેકટર શ્રી મેધાબેન વૈદ્ય, ICDSના મદદનીશ નિયામકશ્રી હસીના મન્સુરી, જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી પારૂલબેન નાયક, વિભાગના અધિકારીશ્રીઓ તથા આંગણવાડીની બહેનો હાજર રહ્યાં હતાં.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel. •Printed At:-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028